# અરવલ્લીમાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા 'માર્ગ મરામત અભિયાન' શરૂ કરાયું

## જિલ્લામાં વિવિધ જગ્યાએ તૂટેલા રસ્તાઓનું સમારકામ કરીને ભંગાણ બનેલા રસ્તાઓને દુર સરકાર કટીબદ્ધ





બાયડ તા.૫

વર્તમાન સમયમાં ચાલી રહેલા વરસાદી સત્રને કારણે ગુજરાત રાજ્યમાં ભારે વરસાદ થવા પામ્યો હતો. ભારે વરસાદના લીધે સમગ્ર રાજ્યના અનેક સ્થળો પર રસ્તાઓ બિસ્માર બન્યા હતા. જેનાથી અનેક રસ્તાઓ પર વાહન ચાલકોને અવર-જવરમાં ભારે હાલાકીનો સામનો કરવો પડતો હતો. જેના કારણે વારવાર અકસ્માત સર્જાતા હતા.

જે અંતર્ગત રાજ્ય સરકારના નવા માર્ગ મંત્રી દ્વારા બિસ્માર બનેલા રસ્તાઓને સમારકામ કરવા માટે માર્ગ મંત્રી દ્વારા 'માર્ગ મરામત અભિયાન'શરૂ કરવામાં આવ્યું. જેમાં દરેક સ્થળોએથી વ્હોટ્સપ્ ના માધ્યમ થકી શહેર તથા ગ્રામ્ય સ્થળોએ તૂટેલા રસ્તાઓના વિડિયો, સ્થળની વિગત, તેમજ તેના ફોટો મંગાવાયા હતા.

જેને પગલે આ અભિયાનને વેગ આપવા સરકાર દ્વારા અરવલ્લી જિલ્લામાં લાંબા સમય બાદ મેઘરાજાએ વિરામ લેતા જીલ્લાના રસ્તાઓને થયેલા નુકશાનનું સમારકામ માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરાયું છે. જેમાં અરવલ્લી જીલ્લા માર્ગ અને મકાન સ્ટેટ વિભાગમાં ૯ રસ્તાઓની ફરિયાદ મળેલ હતી જેમાંથી અત્યાર સુધીમાં ૧ રસ્તાનું કામ પૂર્ણ કરાયેલ છે તથા ૮ રસ્તાઓનું કામ પ્રગતિ હેઠળ છે.

જેમાં જિલ્લાના દરેક તાલુકાઓમાં રસ્તાઓને થયેલા નુકશાનનું સમારકામ કરવા જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ દ્વારા વ્યાપક ધોરણે 'માર્ગ મરામત અભિયાન' શરૂ કરવામાં આવ્યું છે. વિભાગ દ્વારા વિવિધ તાલુકાઓમાં ટીમ તૈયાર કરીને રસ્તાઓ પર ડામર પાથરીને તાત્કાલિક રિપેર કરવામાં આવી રહ્યા છે. જેથી વાહન ચાલકો કે રસ્તા પર ચાલતા મુસાફરોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે માટે રાજ્ય સરકાર રસ્તાઓનું કામ ઝડપથી પૂર્ણ કરવા માટે કટીબદ્ધ છે.

# પ્રાંતિજના ધડકણ સીટ ઉપર ભાજપનો ભગવો લહેરાવ્યો

**પરિણામ જાહેર થતા કહી ખુશી કહી ગમ : ભાજપ ઉમેદવાર ચતુરસિંહ કાળુસિંહ ડાભીનો ૮૨૨ મતો થી વિજય : ભાજપ કાર્યકરો સર્મથકો દ્વારા વિજેતા ઉમેદવારનો ડીજે સાથે વરઘોડો કાઢવામા આવ્યો**




પ્રાંતિજ તા.૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ના ધડકણ ખાતે તાલુકા સદસ્ય ની પેટા ચુંટણી મા ભાજપ ના ઉમેદવાર નો ૮૨૨ મતો થી વિજય. પ્રાંતિજ ના ધડકણ તાલુકા સદસ્ય નુ અકસ્માત મા મોત બાદ ખાલી પડેલ તાલુકા સદસ્ય ની સીટ માટે પેટા ચુંટણી યોજાઈ હતી જેમા ભાજપ-કોંગેસ અને આપ ત્રણેય પક્ષો વચ્ચે ત્રિકોણીયો જંગ જોવા મળ્યો હતો જેમા પાંચ ઓક્ટોબર ના રોજ ચુંટણી પરિવાર જાહેર થતા ભાજપ નો ભગવો લહેરાવ્યો હતો તો પરિણામ જાહેર થતા કહી ખુશી કહી ગમ જોવા મળ્યો હતો તો ભાજપ ના સુખડ ગામના ઉમેદવાર ચતુરસિંહ કાળુસિંહ ડાભી ને કુલ-૨૬૫૭ મતો મળ્યા હતા અને ૮૨૨ મતો થી તેવો નો વિજય થયો હતો તો ભાજપ નો ભગવો લહેરાતા ભાજપ કાર્યકરો મા ઉત્સાહ જોવા મળ્યો હતો અને અબીલ ગુલાલ ની છોરો ઉડી હતી તો ભાજપ કાર્યકરો સર્મથકો ગ્રામજનો દ્વારા ડીજે સાથે વિજેતા ઉમેદવાર નો વરઘોડો કાઢવામા આવ્યો હતો

**ક્યા ઉમેદવારને કેટલા મત મળ્યા**

| | | |
|---|---|---|
| ભાજપ | ચતુરસિંહ કાળુસિંહ ડામી | - ૨૬૫૭ |
| કોગ્રેસ | જય કુમાર ગાંડાભાઇ પટેલ | - ૧૮૩૫ |
| આપ | રાજેશ કુમાર ભીખાભાઇ સુથાર | - ૧૪૩ |

# અરવલ્લી જીલ્લાના ૫૬૨૩ વિદ્યાર્થીઓએ 'ક્લીન ઈન્ડિયા' ચિત્ર સ્પર્ધામાં ભાગ લીધો

## જીલ્લાની ૬૫૦ પ્રાથમિક શાળામાં "ક્લીન ઇન્ડિયા" વિષય અંતર્ગત ચિત્ર સ્પર્ધા યોજાઇ

મોડાસા તા.૫

આ વર્ષે સરકારશ્રી દ્વારા દેશની "આઝાદીના અમૃત મહોત્સવ" ૭૫ વર્ષ નિમિત્તે સ્વછતા અભિયાન ને વેગવતી બનાવવા સમગ્ર ભારતમાં ક્લીન ઈન્ડિયાના કાર્યક્રમો ૧ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી વિવિધ કાર્યક્રમો કરવાનું મિશન હાથ ધરાયું છે. જે અંતર્ગત ગુજરાત રાજ્ય દ્વારા "આઝાદીના અમૃત મહોત્સવ" ૭૫ વર્ષ નિમિત્તો રાજયને સ્વચ્છ બનાવવાના હેતુથી સરકારશ્રીના આદેશોનું પાલન કરતા સમગ્ર રાજ્ય આ કાર્યક્રમને વેગ આપવા દરેક જીલ્લાઓમાં ક્લીન ઈન્ડિયાના કાર્યક્રમોની શરૂઆત થઇ ચુકી છે. જેમાં અરવલ્લી જીલ્લાના અધિકારીશ્રીઓ દ્વારા પણ ૧ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર સુધી વિવિધ સ્થળોએ કાર્યક્રમો કરવા માટે કરીબદ્ધ થયા છે. જેમાં જીલ્લાના જુદા-જુદા




સ્થળોએ કાર્યક્રમો થઈ રહ્યા છે.

ત્યારે અરવલ્લી જીલ્લાના દરેક તાલુકામાં ૫ ઓક્ટોબરના રોજ "ક્લીન ઈન્ડિયા" થીમ પર ચિત્ર સ્પર્ધાઓ યોજાઈ હતી. જેમાં અરવલ્લી જીલ્લાની ૬૫૦ પ્રાથમિક શાળામાં ૫૬૨૩ વિદ્યાર્થીઓએ ચિત્ર સ્પર્ધા ભાગ લીધો હતો. તથા વિદ્યાર્થીઓએ જુદી-જુદી પ્રકારના ચિત્રો દોરીને "આઝાદીના અમૃત મહોત્સવ" ની હર્ષભેર ઉજવણી કરી હતી.

# મેઢાસણ પંથકમાં મગફળી ઉપાડવાનો ધમધમાટ: પાક તૈયાર થતાં સીમાડા ધમધમતા થયા



સરડોઈ તા.૫

અરવલ્લી જિલ્લાના કેટલાક વિસ્તારોમાં મગફળી નો પાક તૈયાર થયો છે.મોડાસાના મેઢાસણ પંથકના ખેતરોમાં વર્તમાન સિઝનમાં પાક ઉપાડવાનો ધમધમાટ શરૂ થયો છે.ખેતરોમાં યોગ્ય ભેજ હોવાથી મગફળી કાઢવામાં મજૂરોને સુલભતા થઈ છે. વરસાદ મગફળી ના વાવેતર માટે વિઘ્નરૂપ બનવાની તૈયારીમાં હતો.કેટલાક વિસ્તારોમાં સતત વરસાદથી ખેતરોમાં મગફળી ઉગવા લાગતાં ખેડૂતોમાં ચિંતા હતી પણ વરસાદ અટક્યા પછી પાકનું જોબન ખીલ્યું છે. મેઢાસણ અને ખંભિસર સહિતના વિસ્તારોમાં સારા વરસાદ બાદ મગફળી નો પાક તૈયાર થઈ જતાં મગફળી ઉપાડવાનો ધમધમાટ પંથકમાં શરૂ થયો છે.આ વર્ષે સારા ઉત્પાદનની આશા સાથે ખેડૂતો એ ખેતર જેમ બને તેમ ખુલ્લા કરવા મન બનાવી લીધું છે.આ વિસ્તાર ના ખેડૂતોએ ચોમાસું સિઝનમાં વહેલું વાવેતર કર્યું હતું જેમાં અગાઉ વરસાદ ખેંચાતા ધરેલું સિંચાઈના પાણી આપી ખેડૂતોએ પાકની માવજત કરતાં હાલ ખેતર મગફળી ના પાક થી લહેરાઈ રહ્યા છે.

## ભિલોડામાં ટ્રાફિક સમસ્યા હલ કરવા સંદર્ભે

# ભિલોડા જન કલ્યાણ યુવા મોરચા દ્વારા આવેદનપત્ર અપાયું

ભિલોડા,તા.૦૫

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે દિન-પ્રતિ-દિન વાહનો અને ગેરકાયદેસર બાંધકામ, દબાણોનું પ્રમાણ વધતા ટ્રાફિકની ભયંકર સમસ્યા સર્જાતા રાહદારીઓ,વેપારીઓ,વિધાર્થીઓ અને વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. ભિલોડા જન કલ્યાણ યુવા મોરચાના હોદ્દેદારો અને કાર્યકરો દ્વારા મામલતદાર,તાલુકા વિકાસ અધિકારી, પી.એસ. આઈ,નાયબ કાર્યપાલક ઈજનેર માર્ગ અને મકાન વિભાગ સહિત ગ્રામ પંચાયત ના તલાટી કમ મંત્રી ને આવેદનપત્ર આપ્યું હતું.ટ્રાફિક સમસ્યા સત્વરે હલ કરવા સંદર્ભે ન્યાયિક રજુઆત કરાઈ હતી. ભિલોડા-ઈડર-શામળાજી મુખ્ય ધોરીમાર્ગની આજુ-બાજુમાં અને હાર્દસમા મેઈન બજાર વિસ્તાર,પેટ્રોલ પંપ પાસે,તાલુકા પંચાયત કચેરી સામે,એસ.ટી.બસ સ્ટેશન પાસે, મઉં ચાર રસ્તા શાકભાજી માર્કેટ પાસે,શ્રી કૃષ્ણ સિનેમા સામે,લાટી બજાર પાસે તેમજ અનેક વિસ્તારોમાં ટ્રાફિક



સમસ્યા નું ગ્રહણ જોવા મળી રહ્યું છે. પ્રાઈવેટ વાહન ચાલકો કાયદાની ઐસી કી તૈસી કરીને બેરોકટોક વાહનોમાં મુસાફરો ભરવા માટે મુખ્ય ધોરીમાર્ગ પર અડીંગો જમાવી દેતા વેપારીઓ ની દુકાને ખરીદી અર્થે આવતા ગ્રાહકો ભારે મુંઝવણમાં મુકાઈ રહ્યા છે. શાકભાજી,ફ્રુટ સહિત વિવિધ ચીજ વસ્તુઓ વેચતા ફરતી લારીઓ વાળા આડેધડ લારીઓ મન ફાવે ત્યાં આડેધડ ઉભી રાખીને વેપાર ધંધો કરતા હોય ત્યારે રાહદારીઓ અને વાહન ચાલકો હેરાન પરેશાન થઈ રહ્યા છે. ભિલોડામાં મુખ્ય ધોરીમાર્ગ પર સીવીલ હોસ્પિટલ થી હાથમતી નદી ના બ્રીઝ સુધી પ્રાઈવેટ વાહન ચાલકો નો અડીંગો રહેતો ત્યારે દુકાન ધરાવતા વેપારીઓ જયારે કોઈ પણ વાહન ચાલક અને લારીવાળા ને હટવાનું કહેતા હોય ત્યારે બિન જરૂરી લડાઈ,ઝઘડાનું સ્વરૂપ ધારણ થતું હોય છે. પ્રાઈવેટ વાહન ચાલકો મન ફાવે તેમ આડેધડ પાર્કિંગ કરતા હોય અવાર-નવાર નાના-મોટા અકસ્માતો સર્જાતા હોય છે ત્યારે અત્રે ઉલ્લેખનીય છે કે નિર્દોષ વ્યક્તિઓ મોતના ખપ્પરમાં હોમાઈ જતા હોય છે.જાગૃત ગ્રામજનો અને વેપારીઓએ જણાવ્યું હતું કે ટ્રાફિક સમસ્યા સત્વરે હલ થાય તેમ જણાવ્યું હતું. અરવલ્લી જીલ્લા કલેક્ટર,જીલ્લા પોલીસ વડા અને પ્રાંત અધિકારી ને રજીસ્ટર પોષ્ટ એ.ડી મારફતે લેખિતમાં પત્ર પાઠવ્યો છે.

# સહકારી આગેવાન વિમલ પટેલના જન્મદિવસની ધામધૂમથી ઉજવણી



મેઘરજ તા. ૫

અરવલ્લી જિલ્લાના સહકારી આગેવાન અને મોડાસા માર્કેટયાર્ડ ડિરેક્ટર વિમલભાઈ પટેલ (સાયરા)ના જન્મદિવસની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. મોડાસા માર્કેટયાર્ડ ખાતે સાબરકાંઠા બેંક એમ. ડી પંકજભાઈ પટેલ,માર્કેટયાર્ડ ચેરમેન રાજુભાઈ પટેલ, ડિરેક્ટર રાકેશભાઈ પટેલ સહીત માર્કેટયાર્ડ ના સ્ટાફ અને મિત્રોએ હાજર રહી કેક કાપી જન્મદિવસની શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

# ગુજરાત બિલ્ડર્સ જોઈન્ટ સેક્રેટરી એસોસિએશન તરીકે શૈલેષભાઈ જોષી નિમાયા....

પાલનપુર, તા. ૫

ભારતમાં સૌથી વધારે ૧૦૦૦૦ જેટલા સભ્ય સંખ્યા ધરાવતું તેમજ સૌથી વધુ સિટી ચેપ્ટર ધરાવતા ગુજરાત બિલ્ડર્સ એસોસિએશનની જનરલ સભા ઉદયપુર માં અનન્તા પેલેસ રિસોર્ટ ખાતે યોજાયેલ. જેમાં પૂર્વ રાષ્ટ્રીય ચેરમેનશ્રી જકસયભાઈ શાહ તેમજ હાલના રાષ્ટ્રીય ઉપાધ્યાયશ્રી શેખર ભાઈ પટેલ વિશેષ ઉપસ્થિત રહેલ.



જનરલ મીટીંગ માં વર્ષ ૨૦૨૧ થી ૨૦૨૩ના હોદ્દેદાર તરીકે પ્રમુખ તરીકે શ્રી અજયભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે શ્રી વી.કે. પટેલ, સેક્રેટરી તરીકે શ્રી નીલમભાઈ દોશી તેમજ જોઈન્ટ સેક્રેટરી તરીકે સમસ્ત બ્રહ્મ સમાજ ગુજરાત રાજયના પ્રમુખ તેમજ ઉત્તર ગુજરાતના અગ્રણી બિલ્ડર્સ શ્રી શૈલેશભાઈ જોષીની વરણી કરવામાં કરવામાં આવી છે.


# ધાનેરા નગરપાલિકા વોર્ડ નંબર-૪ની પેટા ચૂંટણીમાં કોંગ્રેસે સીટ જાળવી રાખી



ધાનેરા, તા. ૫

ધાનેરા નગરપાલિકા વોર્ડ નંબર ૪ માં નગરપાલિકાના પ્રમુખ તરીકે ફરજ બજાવતા સ્વ:જગલબેન કાનાજી ઠાકોર ના થયેલ અવસાન બાદ આ જગ્યા ખાલી પડેલ હતી જે જગ્યા વોર્ડ ન-૪ પર હવે સામાન્ય પેટાચૂંટણીતા.૩/૧૦/૨૦૨૧ ના યોજાઈ જેમાં વોર્ડ નંબર ૪ ના કોંગ્રેસ નાં ઉમેદવાર શ્રીમતી ઈન્દુબેન બળવંતભાઈ ઠાકોર નો ૨૭૨ મતે વિજય થયો છે આમ કોંગ્રેસે ઠાકોર સમાજ ની સીટ જાળવી રાખી છે જોકે આ ચૂંટણી માં કોંગ્રેસ,ભાજપ,અને આમ આદમી પાર્ટી નો ત્રી પાંખીયો જંગ ખેલાયો હતો જેમાં કોંગ્રેસ નો વિજય થયો હતો.

## જન્મદિને વધામણી



જેઠાભાઈ એસ.દરજી
પુર્વ પ્રમુખ, દરજી સમાજ વિકાસ મંડળ, બાયડ
નિવૃત શિક્ષક, જિતપુર હાઈસ્કૂલ
સ્વામિનારાયણ સોસાયટી
બાયડ(ગાબટ)



મુકેશભાઈ છગનભાઈ પ્રજાપતિ
વડોદરા (આકુંદ)



નિરજ કાશ્મીરાબેન પાઠક
અમદાવાદ,(વાત્રક)



કૌશિકભાઈ ગિજુભાઈ ભાવસાર
વિવેકાનંદ સોસાયટી
બાયડ (ચોઇલા)

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

રક્તદાન મહાદાન